**ઝઘડીયાના જયુડી. મેજી. ફ.ક. સાહેબની અદાલત સમક્ષ,મું.ઝઘડીયા**

**ફોજ.કે. નં.૩૩૨૨/૨૦૨૪**

**આંક–**

**ફરીયાદી.** **શ્રી સરકાર**

**વિરુઘ્ધ.**

**આરોપી ૧ પ્રમોદભાઈ ઉર્ફે પકો વિનોદભાઈ વસાવા,**
**રહે. નવાગામ, કરારવેલ નવીનગરી,તા.અંકલેશ્વર, જી. ભરૂચ**

**૨ અલ્પેશભાઈ વિનોદભાઈ વસાવા,**
**રહે. નાનાસાંજા નવીનગરી,તા.ઝઘડીયા, જી. ભરૂચ**

**ગુન્હો:– પ્રોહીબીશન એકટની કલમ–૬૫એએ ,૯૮(૨),૮૧ મુજબ**

---

ફરીયાદ પક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રી એન.પી.ઉમરીયા
આરોપીઓ તરફે વિ.વ. શ્રી બી.આર. શાહ

---

**–: ચુ કા દો :–**

૧. ફરીયાદ પક્ષની ટુકમા હકીકત એવી છે કે, આ કામના આરોપીએ ગે.કા અને વગર પાસ પરમીટના ઈંગ્લીશ દારૂનો મુદામાલ પોતાના કબજા ભોગવટામા રાખી ધી પ્રોહીબીશન એકટની કલમ–**૬૫એએ ,૯૮(૨),૮૧** મુજબનો શીક્ષા પાત્ર ગુનો કરેલ હોય જે રજીસ્ટર કરી તપાસ કરનાર અમલદારે તપાસ સંભાળી લઈ આરોપી વિરુઘ્ધ પુરતો પુરાવો હોય નામ.કોર્ટમા ચાર્જશીટ કરેલ.

૨. આ કામે આરોપીને સમન્સ કરતા આરોપી હાજર થતા સીઆર.પી.સી. ક.૨૦૭ મુજબ મુજબની જોગવાઈનુ પાલન કર્યા બાદ આરોપી સામે તહોમતનામુ ફરમાવતા આ ગુનાના કામે આરોપીનો જવાબ લેતા તેણે ગુનાનો ઈન્કાર કરેલ છે.

૩. આ કામના આરોપીનુ સી.આર.પી.સી કલમ–૩૧૩ મુજબ વિશેષ નિવેદન લેવામા આવેલ છે.

૪. ત્યારબાદ ફરીયાદ પક્ષે આરોપી વિરુઘ્ઘનો ગુનો પુરવાર કરવા માટે પોલીસ સાહેદો તથા પંચ સાહેદોને તપાસવામા આવેલ છે તેમજ દસ્તાવેજી પુરાવામા ગુના લગત કરવામા આવેલ પંચનામુ રજુ કરેલ છે.

૫. ત્યારબાદ બંને પક્ષની દલીલ તથા રજુ થયેલ પુરાવા ઘ્યાને લેતા સદર કેસના નિર્ણય માટે નીચે મુજબના મૃદ્દા નિર્ણિત કરવા જરૂરી બને છે.

**-: મુદ્દા :-**

(૧) શું ફરીયાદ પક્ષ એ હકીકત નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીએ ગે.કા અને વગર પાસ પરમીટના ઈંગ્લીશ દારૂનો મુદામાલ પોતાના કબજા ભોગવટામા રાખી ધી પ્રોહીબીશન એકટની કલમ-**૬૫એએ ,૯૮(૨),૮૧** મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે ?
(૨) શું હુકમ ?

૬. ઉપરોકત મુદ્દાઓની હવે પછી તુરત ચર્ચા કર્યાના આધારે અમારા નિર્ણય જવાબ નીચે મુજબ છે.
(૧) નકારમાં.
(૨) આખરી હુકમ મુજબ.

**-: કારણો :-**

૭. ઉપરોકત બંને મુદાઓ એકબીજાથી સંલગ્ન હોય તેની સંયુકત ચર્ચા કરવામા આવે છે.

૮. ફરીયાદ પક્ષે આંક- ૧૭ થી ફરીયાદી નાઓની જુબાની નોધવામા આવેલ છે જેમા તેઓએ કહેવાતા બનાવમા આરોપીના કબજા ભોગવટામાથી વિદેશી દારૂનો મુદામાલ મળી આવેલ હોવાનુ ફરીયાદમા જણાવ્યા મુજબની હકીકતોને સમર્થન કરેલ છે. વધુમા ફરીયાદ પક્ષ તરફે આરોપી સામેનો કેસ પુરવાર કરવા રજુ થયેલ સમગ્ર પુરાવો વંચાણે લેતા આ કામે તેમના પુરાવામા આરોપીના કબજા ભોગવટામાથી ગે.કા અને વગર પાસ પરમીટના વિદેશી દારૂનો મુદામાલ મળી આવેલ તેમજ તે મુદામાલ તેમજ મુદામાલ શેમ્પલ કબજે કરેલ હોવાનુ જણાવેલ છે. વધુમા સમગ્ર પુરાવો ધ્યાને લેતા મુદામાલ દારૂ હોવા સંદર્ભેનો એફ.એસ.એલ રીપોર્ટ આ કામે રજુ કરવામા આવેલ નથી તેમજ બનાવવાળી જગ્યાએ થી સ્વતંત્ર અને તટસ્થ સાહેદો મળી શકવાની સંભાવનાઓ હોવા છતા કયાં કારણોસર તેવા કોઈ સાહેદોના નિવેદન લેવામા આવેલ નથી તે અંગેનો પણ કોઈ યોગ્ય ખુલાસો કરવામા આવેલ નથી. આમ, કહેવાતો મુદામાલ આરોપીના પ્રત્યક્ષ કબજામાથી મળી આવેલ હોય કે આરોપીને સ્થળ ઉપર અટક કરવામા આવેલ હોય કે જે વાહનમાથી મુદામાલ અટક કરવામા આવેલ હોય તે વાહન આરોપીની માલીકી કબજા ભોગવટાનુ હોય તે હકીકત ફરીયાદપક્ષ શંકા થી પર રહીને પુરવાર કરી શકેલ નથી. વધુમા સદર કામે તપાસવામા આવેલ સાહેદ પોલીસ સાહેદ હોવાથી રસ ધરાવનાર સાહેદ કહી શકાય અને રસ ધરાવનાર સાહેદનો પુરાવો માનવો તેવો કોઈ કાયદાનો પ્રસ્થાપિત સિધ્ધાંત નથી પરંતુ આરોપીઓ વિરૂધ્ધનુ તહોમત સિધ્ધ કરવા માટે ફરીયાદપક્ષના કેસને સ્વતંત્ર, સબળ, સચોટ અને વિશ્વસનીય પુરાવાથી સમર્થન મળવુ આવશ્યક છે પરંતુ આ કામે તપાસના કામે ત.ક.અ એ તેવા કોઈ સ્વતં

ત્ર સાહેદોના નીવેદન લીધેલ નથી જે હકીકત ફરીયાદપક્ષના કેસ સમક્ષ શંકા ઉપસ્થિત કરે છે.સદર કામે આંક-૧૫ થી રજુ પંચનામાના પંચ સાહેદે પણ પંચનામામા જણાવેલ હકીકતને સમર્થન આપેલ ન હોય ફરીયાદપક્ષ પંચનામુ પણ પુરવાર કરવામા નિષ્ફળ નિવડેલ છે.

૯. આમ, ઉપરોકત રજુ થયેલ પુરાવો વંચાણે લેતા આરોપીએ ગેર કાયદેસર પાસ પરમીટ વગર વિદેશી દારૂ તેઓના કબજામા રાખેલ હોય તેવી હકીકત પણ ફરીયાદ પક્ષ પુરાવાથી પુરવાર કરી શકેલ ન હોય ફરીયાદ પક્ષ આરોપી સામેના પ્રસ્તુત કેસ વ્યાજબી શંકાથી પર સાબીત કરી શકેલ ન હોય. જેથી મુદ્દા નં.૧ નો જવાબ નકારમા ઠરાવી છુ અને મુદ્દા નં.૨ પરત્વે નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવામા આવે છે.

## -: હુ ક મ :-

(૧) ક્રિ.પ્રો.કોડની કલમ-૨૪૮(૧) અન્વયે આરોપીઓને પ્રોહીબીશન એકટની કલમ-**૬૫એએ ,૯૮(૨),૮૧** મુજબ શિક્ષાને પાત્ર ગુનામાંથી શંકાનો લાભ આપી નિર્દોષ ઠરાવી છોડી મુકવામા આવે છે.

(૨) સદર કામે કબજે કરવામાં આવેલ મુદામાલ વાહન અંગે અગાઉ વચગાળાનો હુકમ થયેલ હોય તો તે કાયમ રાખવામા આવે છે અન્યથા મુદામાલ વાહનના માલિકી અંગે ખરાઈ કરી તેના મુળ માલિકને પરત સોપવાનો હુકમ કરવામા આવેલ છે તેમજ તે સિવાયના પ્રોહી મુદ્દામાલનો અપીલ સમય વીત્યા બાદ ધોરણસર નાશ/નિકાલ કરવો.

(૩) સદરહું કામના આરોપીએ ફોજદારી કાર્યરીતિ સંહીતાની કલમ-૪૩૭(એ) અન્વયે જો આ ઠરાવ સામે અપીલ થાય તો અપીલના કામે હાજર રહેવા માટે રૂા. ૫,૦૦૦/- ના જામીન અને તેટલી જ રકમનો જાત મુચરકો આપવા.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

**Date : / /2026**

**( J.S.RATHORE )**
**ADDI CIVIL JUDGE & J.M.F.C**
**JHAGADIA,**
**JUDGE CODE NO GJ01695**